ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

જનજાગૃતિ કેળવવા શેરી નાટક દ્વારા નગરના યુવાનોનું અનોખુ અભિયાન

ગાંધીનગરના યુવાનો સ્વયંભૂ નિઃશુલ્ક યોગદાન આપે છે : સ્વર્ણિમ પાર્કમાં પણ શનિવાર રાત્રિના અડધો કલાક જનજાગૃતિ અભિયાનમાં ૨૮ યુવાનોની ટીમ કામે લાગે છે : આરોગ્ય વિષયક તેમજ સામાજિક પ્રવૃત્તિ અંગે અવેરનેસ કેમ્પેઈન

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરનું યુથ કલ્ચર ખૂબ જ એકટીવ છે. યુવાપેઢીમાં થોકે-થોકે ટેલેન્ટ પડી છે. કલા અને સંસ્કૃતિ ક્ષેત્રે નગરના યુવાનો દેશ વિદેશમાં પરફોર્મ કરી શહેરનું નામ રોશન કરે છે. જ્યારે રમતવીરોએ પણ નગરનું ગૌરવ વધાર્યું છે. બીજી તરફ સમાજમાં શિક્ષણ અને જાગૃતિ કેળવાય તેવા ઉમદા આશય સાથે યુવાનોમાં સેવાકીય અને સમાજ ઉપયોગી અભિગમ પણ વધુ બળવત્તર બન્યો છે. સોસાયટીમાં 'અવેરનેસ' કેળવાય તેવા અભિયાનમાં યુવાનો સ્વયંભુ જોડાઈ રહ્યા છે. શહેરની પ્લગ ઈમ્સ એન્ટરટેઈનમેન્ટ સંસ્થાના યુવાનો નાગરિકોને તંદુરસ્ત સમાજજીવનના નિર્માણ માટે જાગૃત કરવા શેરીનાટકોનું અભિયાન હાથ ધર્યુ છે. નગરના હાર્દસમા સ્વર્ણિમ પાર્કમાં પણ યુવાનોની આ ટીમ દ્વારા દર શનિવારે રાત્રે ૯.૩૦ કલાકે નિઃશુલ્ક સ્ટ્રીટ પ્લે રજુ કરવામાં આવે છે.

શહેરમાં કાર્યરત અનેકવિધ સેવાભાવી અને સાંસ્કૃતિક વૃત્તિ-પ્રવૃત્તિને વેગ આપતી સંસ્થાઓમાં યુવાનોનુ યોગદાન વિશેષરૂપે જોવા મળે છે. કલા અને સાંસ્કૃતિક ક્ષેત્રે સોહામણું યોગદાન પુરૂ પાડતા યુવાનો સમાજને નવતર દિશા ચિંધવા અને જનજાગૃતિ કેળવવાના અભિયાનમાં જોડાયા છે. પ્લગ ઈન્સ એન્ટરટેઈનમેન્ટ સંસ્થાના ૨૮ જેટલા યુવાનો હાલ આ કેમ્પેઈનમાં જોડાયા છે. ગ્રૂપ લીડર દિવ્યકાન્ત વર્માએ જણાવ્યું હતું કે યુવાનોની ટીમ દ્વારા છેલ્લા દોઢ મહીનાથી આ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. શહેરના આમ નાગરિકો આરોગ્યલક્ષી અને સામાજિક-સેવાભાવી બાબતો સંદર્ભે જાગૃત થાય તે માટે યુવાનોની ટીમ દ્વારા સ્ટ્રીટ પ્લે રજૂ કરવામાં આવે છે. અડધો કલાકના આ નાટક દરમિયાન હીમોફેલિયા જેવા રોગ, ભૂકંપ જેવી કુદરતી આફતમાં અસરગ્રસ્તોને કેવી રીતે મદદરૂપ થવુ તેમજ ઘરેલું હિંસાના વધતા બનાવો સંદર્ભે પણ સમાજને ઢંઢોળવાનો અભિગમ કેન્દ્રસ્થાને રાખવામાં આવે છે. આ ઉપરાંત સ્પર્ધાત્મક શિક્ષણના આજના યુગમાં તણાવથી ઘેરાયેલા વિદ્યાર્થીઓને દબાણમુક્ત કરવા વાલીઓને જાગૃત કરવા પણ પ્રયાસ કરવામાં આવે છે. આ યુવાનોના અનોખા અભિયાનમાં નગરના યુવાનો પણ સ્વયંભુ જોડાઈને સમાજને દીશા ચિંધવાનું કામ કરી રહ્યા છે. આગામી દિવસોમાં સ્વચ્છતા અને બેટી બચાવો સહીતના વિષયો સંદર્ભે પણ સમાજના શુભચિંતક યુવાનોની ટીમ પ્લે રજુ કરશે.

શૈક્ષણિક સત્રનું કાઉન્ટ-ડાઉન : જૂન માસનો આરંભ થતાની સાથે જ શૈક્ષણિક સત્રનું કાઉન્ટ-ડાઉન આરંભાયુ... પુસ્તકો, નોટબુક્સ, ગણવેશ, લંચબોક્સ, વૉટર બેગ, સ્કૂલ બેગ જેવી અનેક વસ્તુઓની ખરીદીનો માહોલ સર્જાયો છે... મધ્યમ વર્ગીય સમાજમાં આજકાલ શિક્ષણનું બજેટ સૌથી ભારેખમ બનતું જાય છે... આજના સમયમાં સંતાનોને ભણાવવાનો આર્થિક બોજ વાલીઓ ભાવ-કભાવે પણ વેઠે છે... ગાંધીનગરના બજારમાં ખરીદીનો માહોલ ધીમેધીમે જામતો જાય છે... આવતા સપ્તાહમાં બજાર છલકાતું જશે... **(તસવીર : કશ્યપ નિમાવત)**

જિલ્લામાં ૪૦ ખાનગી પ્રાથમિક શાળાઓને મંજૂરી

અંગ્રેજી માધ્યમની ૩૦ અને ગુજરાતી માધ્યમની ૧૦ શાળાઓને મંજૂરી : ૧૩ શાળાઓને ક્રમિક વર્ગ વધારો અપાયો

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં ૪૦ ખાનગી પ્રાથમિક શાળાઓ નવી શાળાઓને મંજૂરી આપવામાં આવી છે. જેમાં ૩૦ અંગ્રેજી માધ્યમની અને ૧૦ ગુજરાતી માધ્યમની પ્રા.શાળાઓ છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર અને કલોલ તાલુકામાં સૌથી વધુ મંજૂરીઓ આપવામાં આવી છે. જેમાં ૨૦ થી વધુ અંગ્રેજી માધ્યમની શાળાઓ છે. જ્યારે દહેગામ અને માણસા તાલુકામાં ૧-૧ અંગ્રેજી માધ્યમની શાળા છે.

ગુજરાતી માધ્યમમાં પણ ગાંધીનગર અને કલોલ તાલુકામાંજ સૌથી વધુ મંજૂરીઓ આપવામાં આવી છે.

શિક્ષણ વિભાગ સાથે સંકળાયેલા સૂત્રોના જણાવ્યાનુસાર પ્રા.શિ. નિયામક દ્વારા અપાયેલ જાહેરાત અનુસાર ૨૭ જેટલી ખાનગી સંસ્થાઓ દ્વારા આ અંગેની દરખાસ્તો કરવામાં આવી હતી. જિલ્લામાં સાત જેટલી સંસ્થાઓએ લેઈટ ફી ભરીને પણ શાળા શરૂ કરવા માટેની દરખાસ્ત કરી હતી.

શિક્ષણ વિભાગ દ્વારા મળેલી દરખાસ્તોની ચકાસણી બાદ તેને મંજૂરી આપવામાં આવી છે. જેમાં ધો. ૧ થી ૫, ધો. ૬ થી ૮ અને ધો. ૧ થી ૮ની એમ અલગ-અલગ દરખાસ્તો કરવામાં આવી હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે.

શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ૧૩ જેટલી શાળાઓમાં ક્રમિક વર્ગ વધારાની પણ મંજૂરી આપવામાં આવી છે.

આમ જિલ્લામાં આગામી શૈક્ષણિક સત્રથી ૪૦ નવી પ્રા. શાળાઓ ખાનગી કાર્યરત થશે.

શહેરમાં મોડી રાત્રે વરસાદી છાંટા પડયા

અગાસીમાં અને આંગણામાં સુઈ રહેલા વસાહતીઓમાં વાવાઝોડા-વરસાદને પગલે દોડાદોડ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરમાં મોડી સાંજે તેજ ગતિથી પવન ફુંકાયા બાદ રાત્રે તો જાણે વાવોઝોડું આવ્યું હોય તેવું વાતાવરણ સર્જાયું હતું. થોડીકવાર માટે છુટાછવાયા છાંટા પણ પડયા હતા. ૫ મી.મી. જેટલો વરસાદ નોંધાયો હતો.

નબળા ચોમાસાની આગાહી વચ્ચે ચોમાસાની પૂર્વે તેની ગતિવિધિઓ શરૂ થઈ ગઈ છે. ગઈ કાલે મોડી સાંજથી તીવ્ર ગતિથી પવન ફુંકાવવો શરૂ થયો હતો. વાદળો ઘેરાયા બાદ કયાંક કયાંક વિજળીના ચમકારા પણ થતાં જોવા મળ્યા હતા સાંજે ૭ વાગ્યા પછી તો આકાશમાં વાદળોનો ઘેરાવો વધતા અષાઢી વાતાવરણ સર્જાયું હતું. હજુ સત્તાવાર રીતે ભારતમાં ચોમાસાનું આગમન શરૂ થયું નથી પરંતુ ચોમાસા પૂર્વેની ગતિવિધિઓ જોવા મળી હતી. વાતાવરણમાં પલ્ટો આવ્યા બાદ મોડી રાત્રે તો જાણે વાવાઝોડું ફુંકાતું હોય તેવી તીવ્ર ગતિથી પવન ફુંકાયો હતો.

આકરી ગરમીના કારણે પરેશાન વસાહતીઓ આંગણામાં અને અગાસીમાં સુઈ ગયા હતા તેઓ વાવાઝોડાના પગલે જાગી ગયા હતા. વરસાદી વાતાવરણ સર્જાતા વસાહતીઓ ગાદલા અને ગોદડાં લઈને ઘરમાં ભાગ્યા હતા. શહેરમાં કેટલાય સ્થળોએ છાંટા પણ પડયા હતા. રાત્રિ દરમિયાન ૫ મી.મી. વરસાદ નોંધાયો હતો.

વાતાવરણમાં આવેલા પલ્ટાને પગલે મહત્તમ અને લઘુત્તમ તાપમાન નીચું આવ્યું છે. મહત્તમ તાપમાન ૩૮.૦ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૬.૦ ડિ.સે. નોંધાયું હતું. જયારે ભેજનું પ્રમાણ સવારે ૬૮ ટકા અને સાંજે ૩૯ ટકા નોંધાયું હતું.

(તસવીર : કશ્યપ નિમાવત)

મહાત્મા મંદિર ખાતે બાળ ચિત્રકારોને શુભેચ્છા પાઠવતા મુખ્યમંત્રી

ગાંધીનગર, તા.૩

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ચિત્ર કલાકાર બાળકોમાં રહેલી સર્જનાત્મકતાને નવો ઓપ આપવા ચિત્રકલા નિષ્ણાતો-ચિત્રકલા મર્મજ્ઞ તજ્ઞોની સમિતી રાજય સરકારને માર્ગદર્શન આપવા રચવાની નેમ દર્શાવી છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવવા પ્લેટફોર્મ પુરું પાડવું એજ રાજય સરકારનો અભિગમ છે. પ્રત્યેક બાળકમાં કોઈકને કોઈ વિશેષતા હોય છે જ. આ વિશેષતાને પારખી તેમના કૌશલ્યને ઉજાગર કરવા અને તેની કળાનોરાજય-રાષ્ટ્રના શ્રેયાર્થે વિનિયોગ થાય તેવું વાતાવરણ નિર્માણ કરવું છે.

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેનની પ્રેરણાથી ગત ગાંધી નિર્વાણ દિને રાજયભરમાં 'મહાત્મા ગાંધી અને સ્વચ્છતા' વિષયક ચિત્રસ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં એક કરોડથી વધુ બાળકોએ ભાગ લીધો હતો તેના વિજેતા બાળ ચિત્રકારો માટે આ બાળ ચિત્રકાર સંમેલન યોજવામાં આવ્યું હતું. દિવસભર આ સંમેલનમાં જાણીતા ચિત્રકારો, તજ્ઞો બાળકોને ચિત્રના વિશદ પાઠ શિખવ્યા હતા. આ સંમેલનમાં ૪૦૦ જેટલાં બાળ ચિત્રકારો ઉપસ્થિત રહયા હતા. આ પ્રસંગે એક કલાકની ચિત્ર સ્પર્ધા પણ યોજાઈ હતી જેનો મુખ્યમંત્રીશ્રીએ શુભારંભ કરાવ્યો હતો અને ચિત્ર સ્પર્ધાના સમાપનમાં ઉપસ્થિત રહી વિજેતા ચિત્રકારોને પુરસ્કૃત કર્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ આ સ્પર્ધામાં જેમણે ભાગ લીધો તે તમામ બાળ ચિત્રકલાકારોને પ્રોત્સાહન તરીકે રાજય સરકાર તરફથી રૂા. ૫૦૧ આપવાની જાહેરાત કરી હતી.

બાળકોમાં સ્વચ્છતા એ સ્વભાવ બનવો જોઈએ એમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ બાળકોમાં સ્વચ્છતાના મહત્વને દોહરાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'સ્વચ્છ ભારત' નો મંત્ર આપ્યો અને દેશના દરેક રાજયે તે અપનાવ્યો. ગુજરાતે જન-જનને સ્વચ્છતા સાથે જોડીને સ્વચ્છતા અભિયાનમાં જનભાગીદારીને પ્રેરી છે અને શ્રેષ્ઠ પરિણામો મેળવ્યા છે.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ આગામી દિવસોમાં બાળ કવિ સંમેલન તથા સંગીત સ્પર્ધા અને કોમ્પ્યુટર સાક્ષરતા માટેના આયોજનોનો પણ ખ્યાલ રજૂ કર્યો

● અનુસંધાન પાન-૭ પર

રાજ્યભરમાં મેગીના સેમ્પલ લેવાયા

અમદાવાદ, વડોદરા, સુરત સહિત રાજ્યમાંથી ૩૯ મેગી સેમ્પલો એકત્રિત કરી લેબ ટેસ્ટ માટે મોકલાયા

વપરાશ માટે બિનસુરક્ષિત દેખાશે તો ફોજદારીનો કેસ પણ દાખલ કરાશે અને દંડ ફટકારાશે : કોશિયા

અમદાવાદ, તા. ૩

ગુજરાત ફુડ એન્ડ ડ્રગ કન્ટ્રોલ એડમિનિસ્ટ્રેશને મેગી નુડલ્સના ૩૯ સેમ્પલો એકત્રિત કર્યાછે અને લેબોરેટરી ટેસ્ટિંગ માટે મોકલી દેવામાં આવ્યા છે. ફુડ એન્ડ ડ્રગ કન્ટ્રોલના કમિશનર અચ જી કોશિયાએ આજે કહ્યું હતું કે, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ સહિત રાજયના જુદા જુદા ભાગોમાંથી મેગીના ૩૯ સેમ્પલો એકત્રિત કરવામાં આવ્યા છે અને આ સેમ્પલો લેબ ટેસ્ટ માટે મોકલી દેવામાં આવ્યા છે. કોશિયાએ એમ પણ કહ્યું હતું કે, અમે આ સપ્તાહના અંત સુધી પરિણામ મળી જાય તેવી અપેક્ષા રાખી રહ્યા છીએ. ત્યારબાદ ભાવિ પગલા લેવામાં આવશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, આ ટેસ્ટ જુદી જુદી રીતે કરવામાં આવી રહ્યા છે. મેગીમાં રહેલા ઘટક તત્વોમાં જે ઘટક છે તેનો ઉલ્લેખ પેકેટ ઉપર છે કે કેમ તેની ખાતરી કરવામાં આવશે. મેગી નૂડલ્સ ખાવા માટે સુરક્ષિત છે કે કેમ તેની ખાતરી પણ કરવામાં આવશે. જો ઘટક તત્વોમાં કોઈપણ ચેડા હશે તો દંડ ફટકારવામાં આવશે. પેકેજ ઉપર જે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેનાથી જુદી રીતે ઘટકો મળી આવશે તો પણ દંડ ફટકારવામાં આવશે.

જો ઈન્સ્ટન્ટ નૂડલ્સ ખાવા માટે બિનસુરક્ષિત દેખાશે તો ફોજદારી કેસ પણ દાખલ કરવામાં આવી શકે છે. ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા જુદા જુદા રાજયોમાંથી એકત્રિત કરવામાં આવેલા મેગીના નમૂનાના ટેસ્ટ કર્યા છે. આમા મોનોસોડિયમ ગ્લુટામેટનું પ્રમાણ દેખાઈ આવ્યું છે. આ ઉપરાંત લીડનું પ્રમાણ પણ મળી આવ્યું છે.

મેગી નૂડલ્સ પર પ્રતિબંધ મૂકવા વિપક્ષી નેતાની માંગ

મોટી હોટલ કે રેસ્ટોરન્ટ સામે આંખઆડા કાન કરવામાં આવે છે : મ્યુનિસિપલ વિપક્ષ દ્વારા સીધો આક્ષેપ કરાયો

અમદાવાદ, તા.૩

હાલમાં સમગ્ર દેશમાં મેગી નુડલ્સમાં સીસુ તથા મોનો સોડિયમ ગ્લુટામેટ વધુ માત્રામાં હોવા બાબતના વિવાદને પગલે મેગીની તમામ બ્રાન્ડ પર પ્રતિબંધ મુકવા વિવિધ ઓથોરીટી દ્વારા કાર્યવાહી થઈ રહી છે. તેમજ વિવિધ રાજયો તથા શહેરોમાં મેગીનુડલ્સના સેમ્પલ ફેઈલ ગયા છે. ત્યારે શહેરમાં મેગી નુડલ્સનું વેચાણ મોટા પાયે થઈ રહ્યું છે. તેના સેમ્પલ લઈ લેબોરેટરીમાં તપાસ કરી મેગી નુડલ્સનો તમામ માલ જપ્ત કરી પ્રતિબંધ મૂકવો જોઈએ. તેવું વિરોધપક્ષના નેતા બદરૂદ્દીન શેખએ જણાવ્યું છે. મ્યુનિ.કોંગ્રેસ પક્ષના નેતા બદરૂદ્દીન શેખએ વધુમાં જણાવ્યું હતું કે, હેલ્થ ખાતા દ્વારા માવા-મીઠાઈ અને ફરસાણની દુકાનોમાં દરોડા પાડી મોટા પ્રમાણમાં સેમ્પલ લેવાનું નાટક કરવામાં આવે છે. અને માત્ર ૫ ટકા નાના લોકો સામે કાર્યવાહી થાય છે. અને મોટી હોટલ કે રેસ્ટોરન્સ વાળા છટકી જાય છે ચાલુ વર્ષ દરમ્યાન માત્ર ૫૨૮૮ ખાદ્યપદાર્થોના નમૂના લેવામાં આવ્યા છે. તે પૈકી ૪૯૮૩ માન્ય અને ૩૦૫ નમૂના અમાન્ય અને સજા થઈ. માત્ર ૩૭ નમૂનાને ૧,૦૨,૦૦૦ નો દંડ ફટકારવામાં આવ્યો છે. જ્યારે હેલ્થ વિભાગ દ્વારા મોટી હોટલ કે રેસ્ટોરન્ટ વાળા સામે આંખ આડા કાન કરવામાં આવે છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત
વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત
ઘરો માટે
UltraTech
SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
KisaN
ashirvad
C. PVC, UPVC
VINAYAK500
TMT BARS - ISI
BENELAVE
BATH FITTINGS
DR.FIXIT
TATA
STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com